(સૌ : ધ હિન્દુ)

અમેરિકામાં વસતા ભારતીય મુસ્લિમો રૂબાબુદ્દીનનું સન્માન કરશે

(એજન્સી) ભોપાલ, તા.૪

બનાવટી એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા સોહરાબુદ્દીન શેખનો ભાઈ રૂબાબુદ્દીન અમેરિકાની મુલાકાત લેવાની તૈયારી કરી રહ્યો છે. અમેરિકામાં એસોસિએશન ઓફ ઈન્ડિયન મુસ્લિમ ઓફ અમેરિકા (એઆઈએમ) દ્વારા તેનું બહુમાન કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રૂબાબુદ્દીનની અરજી અને પ્રયાસોના પગલે સુપ્રીમ કોર્ટે સોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટરની તપાસ સીબીઆઈને સોંપી હતી અને ત્યારબાદ ઘડાયેલા આરોપનામાને પગલે ગુજરાતના ભૂતપૂર્વ ગૃહ રાજ્યમંત્રી અમિત શાહ અને પાંચ આઈપીએસ અધિકારીઓ સહિત ૧૫ને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. રૂબાબુદ્દીને જણાવ્યું હતું કે એસોસિએશન ઓફ ઈન્ડિયન મુસ્લિમ ઓફ અમેરિકાએ મારા ભાઈના કેસની કાર્યવાહીમાં મારા બહાદુરીભર્યા પ્રયાસો માટે મારું સન્માન કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

ગુરૂવારે મુંબઈ ખાતે વિશ્વભરમાં મુસ્લિમો સામે સર્જાયેલા પડકારોની ચર્ચા કરવા એક આંતર ધર્મ ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ ધર્મોના ધર્મગુરૂઓ, વિદ્વાનો અને અગ્રણીઓએ ભાગ લીધો હતો.

માતાના સ્પર્શમાં ખરેખર જાદુ છે

(એજન્સી) લંડન, તા.૪

માતાનાં સ્પર્શમાં જાદૂ છે ત્યારે જ તો તેની છાતીથી લપેટાઈ જતા નવજાત શિશુઓમાં ઈન્જેકશનનાં દર્દનો અનુભવ પણ ખૂબ જ ઘટી જાય છે. યુનિવર્સિટી કોલેજ ઓફ લંડનનાં મનોવૈજ્ઞાનિકોએ પોતાના તાજેતરનાં અભ્યાસમાં શોધી કાઢયું છે કે માતાનો સ્પર્શ બાળકો પર કોઈ દર્દ શામક દવા (પેન કિલર)થી ઓછી અસર કરતો નથી. તેના ખોળામાં જતાં જ મોટામાં મોટું દર્દ પણ મિનિટોમાં અદ્રશ્ય થઈ જાય છે.

શોધકર્તા બ્લડ ટેસ્ટ પછી મીઠી દવા અને માતાના ખોળામાં રહેલા બાળકોનાં મગજમાં થનારી ગતિવિધિઓનું વિશ્લેષણ કરી આ પરિણામ પર પહોંચ્યા છે. અભ્યાસ દરમ્યાન તેમણે ૫૯ બાળકોને બે જૂથોમાં વહેંચી દીધા હતા. પ્રથમ જૂથનાં બાળકોને બ્લડ ટેસ્ટ પછી મીઠી સીરપ પીવડાવવામાં આવી હતી. જયારે બીજા જૂથના નવજાત શિશુઓને બ્લડ ટેસ્ટ પછી તેમની માતાઓને સોંપી દેવામાં આવ્યા હતા. શોધકર્તાઓએ જોયું હતું કે માતાના ખોળામાં જતા જ દર્દથી પીડિત બાળકોને એક અદ્‌ભુત શાંતિ મળી હતી. જયારે મીઠા સીરપ પીનારા બાળકોનું ધ્યાન વિચલિત થયું હતું. પરંતુ તેની પીડામાં કોઈ ઘટાડો થયો ન હતો. પ્રમુખ શોધકર્તા રિબેકા સ્લેટરનાં જણાવ્યા અનુસાર મીઠી વસ્તુઓ દર્દમાં ઘટાડો કરવામાં માતાનાં પ્રેમ જેટલા કારગર સાબિત થતા નથી. આ પદાર્થોનાં સેવનથી બાળક શાંત તો થઈ જાય છે પરંતુ તેમની પીડામાં કોઈ ઘટાડો થતો નથી.

કોઈપણ વ્યકિત સ્પાઈડરમેનની જેમ દીવાલ પર ચઢી શકશે !!

(એજન્સી) મુંબઈ, તા.૪

સ્પાઈડરમેનને દીવાલ પર ચઢતા અને બે ઈમારતોની વચ્ચે હવામાં કૂદકો મારતા જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જાવ છો અને હૃદયનાં એક ખૂણામાં એવી ઈચ્છા થાય છે કે જો હું પણ આવું કંઈક કરી શકું તો. હવે એ દિવસો દૂર નથી કે જયારે સ્પાઈડરમેન સિનેમાનાં પડદાઓથી ઉતરીને તમારા જીવનમાં આવી જાય.

વૈજ્ઞાનિકો એવા વિશેષ પ્રકારનાં બૂટનો વિકાસ કરવામાં વ્યસ્ત છે કે જેના દ્વારા કોઈપણ વ્યકિત સ્પાઈડરમેન જેવા કરતબો કરવામાં સક્ષમ બની જશે. આ બુટ ચોંટી જાય તેવા હશે અને તેની મદદથી ગરોળીની જેમ દીવાલ પર ચઢવું સરળ બની જશે. વૈજ્ઞાનિકોએ એક વિશેષ પ્રકારના કાપડની રચના કરી લીધી છે. વૈજ્ઞાનિકોએ તેનું પરીક્ષણ એક નાના રોબોટ દ્વારા કરી લીધું છે. પરીક્ષણ દરમ્યાન રોબોટ કાચ અને ધાતુની ચીકણી સપાટી પર સરળતાથી ચઢી ગયો હતો. એક અહેવાલ અનુસાર રોબોટનાં મામલામાં સફળતાથી ઉત્સાહિત વૈજ્ઞાનિક હવે આ ડિઝાઈનને વધુ મોટી બનાવી તેનો ઉપયોગ માનવી માટે કરવા માંગે છે. આ માટે તેમણે એક પ્રોજેકટ પણ તૈયાર કરી લીધો છે. વૈજ્ઞાનિકોને પોતાના સંશોધનમાં જાણવા મળ્યું હતું કે ગુરુત્વાકર્ષણની વિરૂદ્ધ જવાની ગરોળીઓની ક્ષમતા પગની નીચેના સૂક્ષ્મ કોષોની હાજરીને કારણે હોય છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આ વાતને ધ્યાનમાં રાખી એક રબર જેવી વસ્તુની શોધ કરી છે.

૧૦ વર્ષ અગાઉ ભૂજમાં આવેલા ભૂકંપ સમયે

સર્જાયેલા વિવાદનો બદલો લેવા બળાત્કારનો ખોટો આરોપ મૂક્યો

(એજન્સી) મુંબઈ, તા.૪

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે તેની તપાસમાં જે નૈના પરમારને ચાર વ્યકિતઓ પર બળાત્કારનો જૂઠ્ઠો આરોપ મૂકવા માટે દોષિત ગણાવી છે તેના તાર છેક વર્ષ ૨૦૦૧માં ગુજરાતના કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ સાથે સંકળાયેલા છે. ક્રાઈમ બ્રાન્ચના એક અધિકારીએ જણાવ્યું હતું કે અમારી સામે સૌથી મોટો સવાલ એ હતો કે નૈનાએ શા માટે બળાત્કારનો ખોટો આરોપ મૂક્યો? સિનીયર ઈન્સ્પેકટર શશાંક સાંડભોર અને અજય સાવંતની ટીમે જ્યારે તપાસ કરી તો જાણવા મળ્યું કે સમગ્ર ઘટનાની કહાણી ભૂજમાં લગભગ એક દાયકા પહેલા આવેલી ભૂકંપ સાથે સંકળાયેલી છે. નૈનાએ જે ચાર વ્યકિત પર બળાત્કારનો આરોપ મૂક્યો હતો તેમણે ભૂકંપ બાદ ભૂજમાં ઘણાં લોકો માટે નવા મકાનોના નિર્માણનું પ્રામાણિક કાર્ય કર્યું હતું. જે લોકોને મકાન મળ્યા તેમાં મુંબઈના લાલજીનું પણ નામ હતું. પોલીસના જણાવ્યા અનુસાર લાલજીની છાપ દાદા જેવી છે. આ મકાન માટે તેને ઉપરોકત ચાર વ્યકિતઓ સાથે ઝઘડો થયો હતો. તેથી લાલજીએ ગુજરાતમાં તેમની વિરૂદ્ધ ખોટી ફરિયાદો નોંધાવી હતી. પરંતુ પોલીસને ફરિયાદોમાં વજૂદ ન જણાતા કોઈ કાર્યવાહી કરી ન હતી. તેથી લાલજીએ નૈના પરમારને આ ચાર લોકો વિરૂદ્ધ બળાત્કારની ખોટી ફરિયાદ નોંધાવવા પટાવી હતી.

એક્સપ્રેસ વે ટાઉનશિપની યોજનાઓ પડતી મૂકવા ઉત્તરપ્રદેશની વિચારણા

(એજન્સી) અલીગઢ, તા.૪

ઉત્તરપ્રદેશ સરકાર નોઈડાથી આગ્રાને જોડતા ૧૬૫ કિ.મી. લાંબા પ્રસ્તાવિત યમુના એક્સપ્રેસ વેની આસપાસ પાંચ મોડેલ ટાઉનશીપની યોજનાઓને પડતી મૂકવાના પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે. અલીગઢ અને આગ્રામાં ખેડૂતો દ્વારા ૩૭ દિવસથી ચલાવાઈ રહેલા આંદોલનના પગલે જમીન સંપાદનનું તમામ પ્રકારનું કામ સ્થગિત કરી દેવાયું છે. ખેડૂતો નોઈડાના ખેડૂતોને અપાયેલા વળતર જેટલા જ વળતરની માંગ કરી રહ્યાં છે.

અલીગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ કે.રવિન્દ્રના ઈકે ટાઉનશીપની યોજનાઓ પડતી મૂકવાની ભલામણ કરી છે. લખનૌમાં એક ઉચ્ચસ્તરીય સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે રાજય સરકાર નાઈકની ભલામણ પર વિચારણા કરી રહી છે. સરકાર ટૂંક સમયમાં નિર્ણય લે તેવી શકયતા છે. નિર્માણ કંપની જે.પી.ઈન્ફ્રાટેક આ યોજનાનો અમલ કરી રહી છે. એક સવાલના જવાબમાં કંપનીના જનરલ મેનેજર પી.કે.સહગલે જણાવ્યું હતું કે જિલ્લા મેજિસ્ટ્રેટે તેમની ભલામણ રાજય સરકારને મોકલી આપી છે. અમે પણ તેનો અભ્યાસ કરી રહ્યાં છીએ. તેમણે જણાવ્યું હતું કે જમીન સંપાદન સરકાર અને યમુના એક્સપ્રેસ વે ઓથોરિટી વચ્ચેની બાબત છે. જો સરકાર અમને જમીન આપશે તો અમે યોજનાનો અમલ કરીશું.

ટૂંક સમયમાં જ એક હજાર રૂપિયાનો સિક્કો જોવા મળશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ટૂંક સમયમાં જ ફાટેલી નોટોની સમસ્યામાંથી છૂટકારો મળી શકશે. પાણીથી કે પરસેવાથી પણ બગડી જવાનો કોઈ ભય રહેશે નહીં. કારણ કે સરકારે ૧૦૦૦ રૂપિયા સુધીનાં સિક્કા જારી કરવાની પ્રકિયા બનાવી છે. મૂળ સ્વરૂપે આ પ્રસ્તાવ ફાટેલી અને નકલી નોટોથી પરેશાન રિઝર્વ બેંકનો છે. જેને નાણાં મંત્રાલયે પણ સૈદ્ધાંતિક રીતે મંજૂરી આપી દીધી છે. નાણાં મંત્રાલયે આ પ્રસ્તાવને પ્રસ્તાવિત સિક્કા સંશોધન વિધેયકનો એક ભાગ બનાવ્યો છે. પ્રસ્તાવ અનુસાર રિઝર્વ બેંક ૧૦૦૦ રૂપિયા સુધીનાં સિક્કા જારી કરી શકશે. જે હેઠળ આનાથી ઓછી રકમનાં પણ ઘણાં પ્રકારનાં સિક્કાઓ જારી કરવામાં આવશે. હાલનાં સમયમાં એક, બે, પાંચ અને દસ રૂપિયાના સિક્કા જ ચલણમાં છે. માનવામાં આવી રહ્યું છે કે મોટી કિંમતના સિક્કા આવી જવાથી ઘણ પ્રકારની વ્યાવહારિક મુશ્કેલીઓ પણ દૂર થઈ જશે.

ઓબામા અમેરિકા-આસિયાન બેઠકની યજમાની કરશે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ન્યૂયોર્કમાં ૨૪ સપ્ટેમ્બરે એસોસિએશન એએફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન (આસિયાન)ના નેતાઓની બેઠકની યજમાની કરવાની ઘોષણા કરી છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, દસ આસિયાન સભ્ય દેશોના નેતાઓ અને તેના મહાસચિવ સુરીન પિટ સુવાને અમેરિકા-આસિયાના નેતાઓની આ બીજી બેઠકમાં સામેલ થવા માટે નિમંત્રણ આપ્યું છે. પ્રથમ બેઠક વર્ષ-૨૦૦૯ના નવેમ્બરમાં આયોજિત કરવામાં આવી હતી. આ બેઠક દરમ્યાન ઓબામા અને આસિયાન નેતાઓએ વેપાર અને રોકાણ સહિત ક્ષેત્રીય સુરક્ષા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ખાદ્ય, ઉર્જા સુરક્ષા તથા જળવાયું પરિવર્તન જેવી સામાન્ય ચિંતાના ક્ષેત્રો પર સહયોગ કરવાનું વચન આપ્યું હતું. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, આ મુદ્દાઓ પર પ્રગતિની સમીક્ષા કરવા અને અમેરિકા-આસિયાન સંબંધોને મજબૂત બનાવવા માટે રાષ્ટ્રપતિ ઓબામા નેતાઓ સાથે મંત્રણા કરશે. આ ઉપરાંત રાષ્ટ્રપતિ ક્ષેત્રીય સહયોગ માટે બહુઉદ્દેશીય પધ્ધતિ અપનાવવા અંગે પણ ચર્ચા કરશે.

અમેરિકાએ પૂરગ્રસ્ત પાક.ને વધુ ૩.૩૦ કરોડ ડોલરની મદદ કરી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પાકિસ્તાનમાં ત્રાટકેલા વિનાશક પૂરથી પ્રભાવિત શરણાર્થીઓની સહાયતા માટે એક પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરીને વધુ ૩ કરોડ ૩૦ લાખ ડોલરની રકમ ફાળવણી જાહેરાત કરી હતી. અમેરિકાની આ મદદ બાદ પાકિસ્તાનને અમેરિકા દ્વારા ફાળવવામાં આવેલી રાહત રકમનો આંકડો ૨૩ કરોડ ડોલર કરતાં પણ વધુ થઈ ગયો છે અને અમેરિકા પૂરપીડિતો માટે સૌથી મોટો દાનકર્તા દેશ બની ગયો છે. ભારતે પણ સંયુકતરાષ્ટ્ર સંઘના માધ્યમથી પાકિસ્તાનને ૨.૫ કરોડ ડોલરની સહાયતા રકમ ઉપલબ્ધ કરાવી છે. અમેરિકન વિદેશ પ્રધાન હિલેરી ક્લિન્ટનને સંબોધતા આ પ્રસ્તાવમાં ઓબામાએ જણાવ્યું હતું કે, અમેરિકન હિત માટે આ બાબત આવશ્યક છે કે પૂરપીડિતોને મદદ પૂરી પાડવામાં આવે. મદદની ૩ કરોડ ૩૦ લાખ ડોલરની આ રકમ 'અમેરિકન ઈમરજન્સી શરણાર્થી અને પર્યટન સહાયતા ફંડ' કરતા વધુ નથી જેનો ઉપયોગ આકસ્મિક અને અતિઆવશ્યક શરણાર્થી અને પ્રવાસન કાર્યો માટે થાય છે.

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં ત્રાટકેલ ભયાનક પૂર ગત એક સદીની સૌથી વિનાશક ફુદરતી હોનારત છે. પૂરને કારણે અત્યાર સુધી ૧,૭૦૦ લોકોના મોત થઈ ચૂકયા છે અને લગભગ ૨ કરોડ લોકો પ્રભાવિત થયા છે.

ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ માટે જતાં ભારતીયોમાં ૫૦ ટકાનો ઘટાડો

અમે અમારા પગ પર જ કુહાડી મારી છે : કોનેલી

(એજન્સી) મેલબોર્ન, તા.૪

વિદ્યાર્થીઓ વિરૂદ્ધની હિંસા, કાયદામાં બદલાવ અને વૈશ્વિક આર્થિક સંકટ જેવા કારણોના પગલે ઓસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીઓના એડમિશનમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે.

વર્ષ ૨૦૦૮-૦૯માં ૬૫,૫૦૩ ભારતીય પાસપોર્ટ ધારકોને સ્ટુડન્ટ વીઝા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. પરંતુ વર્ષ ૨૦૦૯-૧૦માં આ સંખ્યા ઘટીને ૨૯,૨૨૧ રહી ગઈ હતી. વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ ૫૦,૭૪૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ માટે વીઝા આપવામાં આવ્યા હતા. ધ એજ અખબારના અહેવાલ અનુસાર વૈશ્વિક સ્ટુડન્ટ વીઝામાં ગયા નાણાંકીય વર્ષમાં તેના અગાઉના વર્ષની સરખામણીમાં ૧૬ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. અહેવાલ અનુસાર વિદ્યાર્થીઓની સુરક્ષાના મુદ્દાના કારણે પણ એડમિશનોમાં ઘટાડો જોવા મળ્યો હતો.

ઈન્ટરનેશનલ એજયુકેશન ઓફ ઓસ્ટ્રેલિયાના સ્ટીફન કોનેલીએ જણાવ્યું હતું કે એડમિશનોમાં ઘટાડો આશ્ચર્યજનક નહીં પરંતુ દુ:ખદ છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં અમે જે શાખ ઉભી કરી હતી. તેનો અમે જ નાશ કર્યો છે. અમે અમારા જ પગ પર કુહાડી મારી છે એમ કહીએ તો પણ ચાલે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર અને વિપક્ષોએ સંસદની ચૂંટણીઓ દરમ્યાન વિદ્યાર્થીઓ મધ્યે ખોટો સંદેશો પ્રસરાવ્યો હતો.

મનમોહનસિંઘ દુનિયામાં સૌથી ગરીબ વડાપ્રધાન પૈકીના એક

(એજન્સી) નવી દિલ્હી,તા.૪

તાજેતરમાં જ સાંસદોના પગારમાં કરવામાં આવેલા વધારાને લઈને ઉગ્ર ગરમાગરમ ચર્ચા થઈ હતી. દેશના લોકોએ પણ સાંસદોના પગારના મામલે વાંધો ઉઠાવ્યો હતો. પરંતુ નવેસરના આંકડા દર્શાવે છે કે જો દુનિયાભરમાં સરખામણી કરવામાં આવે તો ભારતના નેતાઓને હજુ પણ ખૂબ ઓછા નાણા મળે છે. મનમોહનસિંઘ સૌથી ગરીબ વડાપ્રધાન તરીકે છે. છેલ્લા સપ્તાહમાં કેન્યાના વડાપ્રધાન રાઈલા ઓડીન્ગાએ દેશની સંસદ દ્વારા સુચિત પગાર વધારા અંગેની દરખાસ્તને ફગાવી દીધી હતી. ઓડીન્ગાને વર્ષે ૪.૩ લાખ ડોલર મળવાના હતા. સાંસદોએ પોતે પોતાના પગારમાં ૨૫ ટકાનો વધારો કરીને પગાર ૧.૬૧ લાખ ડોલર કરી લીધો છે. ઓડિન્ગા નારાજ છે. પરંતુ તેઓ દુનિયામાં સૌથી વધારે પગાર મેળવનાર નેતાઓ પૈકીના એક છે. તેમનો પગાર તેમના દેશમાં વ્યક્તિદીઠ જીડીપીથી ૨૪૦ ઘણો વધારે છે. સિંગાપોરના વડાપ્રધાન સૌથી વધારે કમાણી કરનારાઓની યાદીમાં ટોપ પર છે. તેઓને તેમના દેશમાં વ્યક્તિદીઠ જીડીપીનો ૪૦ ગણો પગાર મળે છે. મનમોહનસિંઘને અન્ય દેશના નેતાઓ કરતા ઓછા પૈસા મળે છે. તેમનો પગાર માત્ર ૪૧૦૪ ડોલર છે. અમેરિકાના પ્રમુખને ચાર લાખ ડોલર મળે છે. જે અમેરિકામાં વ્યક્તિદીઠ આવકનો લગભગ ૧૦ ટકા હિસ્સો છે. ચીનના સર્વોચ્ચ લીડરને ૧૦૬૬૩ ડોલર મળે છે.

મનમોહનસિંઘનો પગાર ૪૧૦૪ ડોલર જ્યારે અમેરિકી પ્રમુખ બરાક ઓબામાનો પગાર ૪ લાખ ડોલરથી વધુ છે

યુ.એ.ઈ.ના અપ્રવાસી વિશ્વમાં સૌથી ધનાઢય : સર્વેક્ષણ

(એજન્સી) દુબઈ, તા.૪

સંયુકત આરબ અમિરાત (યુએઈ)ના અપ્રવાસી વિશ્વના સૌથી ધનિક લોકોમાં ગણાય છે. અહીંની શાનદાર રહેણી-કરણી અને ટેકસ નાબુદી વિદેશીઓને આકર્ષિત કરે છે. આ બાબત એક તાજા વૈશ્વિક સર્વેક્ષણમાં સામે આવી છે. આ સર્વેમાં યુએઈ ગત વર્ષની સરખામણીએ એક સ્થાનની છલાંગ લગાવી ચોથા સ્થાને રહ્યું. જ્યારે રશિયાને પ્રથમ, બેહરીનને બીજું તથા સાઉદ અરબને ત્રીજું સ્થાન મળ્યું છે. એમએસબીસી દ્વારા ૨૫ દેશોમાં આ મોજણી કરવામાં આવી હતી. આમાં પ્રવાસીઓની આવક, ખર્ચ, બચત અને રોકાણ વિશે અભ્યાસ કરવામાં આવ્યો. આ ઉપરાંત તેમના પર પડનાર અર્થવ્યવસ્થાની અસર પર પણ ધ્યાન આપવામાં આવ્યું. સર્વે પ્રમાણે યુએઈને ચોથું સૌથી શાનદાર રહેણી-કરણીવાળો દેશ ગણવામાં આવ્યો. વિશ્વના અન્ય દેશો કરતા યુએઈના અપ્રવાસીઓ પાસે વધારે કારો હોવાની શકયતા છે. અહીના લોકો રજાઓમાં વધારે વિદેશનીય છે તેઓ મોટી સંપત્તિના માલિક હોય છે.

રાજકીય પક્ષોને મળતા ભંડોળની વિગતો જાહેર કરવા ભલામણ

મુસદ્દો અમલી બનતા વિગતો જાહેર કરવી ફરજિયાત બનશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

વીસમી સપ્ટેમ્બર સુધીમાં જાહેર મંતવ્યો આમંત્રિત કરતાં સેન્ટ્રલ વિજિલન્સ કમિશન દ્વારા જારી કરાયેલા રાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી વ્યૂહરચના નાર મુસદ્દામાં રાજકીય પક્ષોએ તેમને મળતા ભંડોળની વિગતો જાહેર કરવી પડશે. મુસદ્દામાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી રાજય ચૂંટણી ભંડોળની માર્ગદર્શિકાઓ ઘડી કાઢવામાં ન આવે ત્યાં સુધી રાજકીય પાર્ટીઓ માટે ભંડોળના સ્ત્રોત અને મળેલી રકમ જાહેર કરવી ફરજિયાત બનશે. મુસદ્દામાં ચૂંટણીઓમાં રાજય દ્વારા અપાતા ભંડોળના નિયમો વહેલી તકે ઘડી કાઢવા ભલામણ કરવામાં આવી છે અને જનતાને પણ રાજય ભંડોળમાં ફાળો આપવા કરમાં છૂટછાટ જેવા લાભ આપવાનું સૂચન કરવામાં આવ્યું છે.

મુસદ્દામાં ભલામણ કરવામાં આવી છે કે આવક અને ખર્ચ સહિત રાજકીય પાર્ટીઓના વાર્ષિક આર્થિક સરવૈયા જાહેર જનતા માટે પ્રસિધ્ધ કરવા જોઈએ. વિજિલન્સ કમિશને પ્રસ્તાવ મૂકયો છે કે રાજકીય પક્ષોએ શાસનમાં એકતા, ભ્રષ્ટાચાર નાબૂદી અને જાહેર હોદ્દાઓ પર નિયુક્તિઓમાં વિવાદો અવગણવા ચૂંટણી ઢંઢેરામાં વચનો આપી અને પોતાના કાર્યકરોમાં આચારસંહિતા અમલી બનાવી ભ્રષ્ટાચાર સામે લડત આપવી જોઈએ.